૨૫ સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# મહર્ષિ વાલ્મીકિ જયંતી

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

ઋષિઓના સમૂહમાં સાત ઋષિઓ પ્રખ્યાત છે. કશ્યપ, અત્રિ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ, વસિષ્ઠ. વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા ઋષિઓનું મહર્ષિ તરીકે માન હતું. ઋષિ મહર્ષિઓની તપસ્યા, ત્યાગ, સંયમ, વાણી, વિદ્વત્તા, વર્તન અને વ્યવહાર સત્ય, સમાધાન, સંતોષ, ભક્તિ અને નિયમોનું પાલન કરવામાં ઋષિ-મુનિઓ-મહર્ષિઓ અગ્રેસર હતા એટલે જ દેવો, દેવીઓ અને રાજામહારાજાઓ ઋષિઓ, મુનિઓનો આદર કરતા હતા અને ચરણે બેસતા હતા. ગુરુવર્ય માનીને એમનું પૂજન કરતા હતા.

આમાં એક મહર્ષિ વાલ્મીકિની જયંતી આજે સોમવારે આસો પૂનમના મહામંગલ શુભ દિને આવે છે. એ જ દિવસે કાર્તિક સ્નાનનો આરંભ થાય છે. મહર્ષિ વાલ્મીકિની કથા બહુ વિલક્ષણ અને મન પ્રસન્ન કરનારી છે.

‘વાલ્મીક’ એટલે મૂળ તો ‘વાલિયો’, કોળી સમાજનો, નીડર, સશક્ત લૂટારો. નિર્ભય ખરો પણ નિર્દય. યાત્રાધામ પર જનારા ધાર્મિક યાત્રાળુઓને લૂટીને ખંખેરી નાખનારો અમાનુષ ધાડપાડુ હતો. કોઈ યાત્રાળુ ધન, અન્ન, વસ્ત્ર ન આપે તો તેમને મારી નાખવાનો એનો નિયમ જ હતો. જેટલા લોકોને એ મારી નાંખે તેના નામનો એક પથ્થર મોટા માટલામાં જમા કરે, એવા તો મોટાં મોટાં સાત માટલાં ભરાઈ ગયાં હતાં. એવો નિર્દય, અમાનુષી હતો વાલિયો લૂટારો. પણ---

સજ્જનોની પવિત્રતા ભવતારક હોય છે. જીવનમાં બદલાવ લાવનારી હોય છે. તે વાતને પુષ્ટિ આપનારી આ કથા છે. વાલિયોનો પરિવાર મોટો હતો. મા-બાપ, ભાઈ-બહેનો, પુત્રો-કન્યાઓ, પૌત્ર, દોહિત્ર, વહુઓ અને સગાં-વહાલાંઓ, બધાંનું ભરણપોષણ વાલિયો લૂટારો નિર્દોષ લોકોને લૂટીને, મારીને કરતો હતો અને એક દિવસ એવો આવ્યો કે યાત્રાળુઓ એ માર્ગે આવ્યા જ નહીં.

વાલિયો ચિંતામાં સરી પડ્યો. ઘરનાં બાળબચ્ચાંઓ ભૂખથી રડવા લાગ્યાં. વાલિયો જંગલમાં આવ્યો. ઝાડી પર ચઢીને પ્રવાસીઓની રાહ જોવા લાગ્યો અને એના કાને અવાજ આવ્યો ‘નારાયણ - નારાયણ’. વાલિયોએ ઝટથી પેલા તંબુરોવાળા મુનિને પકડી લીધો અને કહ્યું



‘‘ઓ નારાયણના બચ્ચા! લાવ કાઢ, જે પણ પૈસા હોય તે આપ, નહીં તો મારી નાખીશ.’’ તે મુનિ શ્રેષ્ઠ નારદ મુનિ હતા. તેમણે કહ્યું, ‘‘અરે તીરંદાજ! ભટકતા મુનિ પાસે શું હોય? આ હાથમાં એકતારો છે અને મોઢામાં નારાયણ છે.’’ તે સાંભળીને વાલિયો બોલ્યો. ‘‘તો પછી તું મરી ગયો સમજ.’’ નારદે કહ્યું, ‘‘ઠીક છે, મને મારી નાખ પણ મારા પ્રશ્નનો ઉત્તર આપ. તું આ લૂંટફાટ અને ખૂનખરાબી કોના માટે કરે છે?’’ વાલિયો બોલ્યો. ‘‘મારો બહોળો પરિવાર છે. તેમના ભરણપોષણ માટે કરું છું.’’ નારદે તુરંત કહ્યું ‘‘તો જા એમને

> ‘ઓ નારાયણના બચ્ચા! લાવ કાઢ, જે પણ પૈસા હોય તે આપ, નહીં તો મારી નાખીશ

પૂછી આવ. તું જે પાપકર્મ કરે છે એમાં એમનો ભાગ કેટલો? હું અહીં જ ઊભો છું.’’

વાલિયો વસ્તીમાં જઈને પૂછે છે. ‘‘વહાલા પરિવારજનો! સાંભળો! હું જે લૂંટફાટ કરું છું. તે તમારા બધાં માટે કરું છું. તો કહો આ પાપના કેટલા ટકા તમે ભાગીદાર છો?’’ અને બધાંએ હાથ ઊંચો કરીને કહી દીધું તમે લૂંટફાટ કરો તો બધું પાપ તમારે શિરે. એમાં અમે કોઈ ભાગીદાર નથી; ‘જે કરે તે ભરે.’

બધાંનો એક જ જવાબ સાંભળીને વાલિયો સ્તબ્ધ થઈ ગયો અને મુનિના પગમાં પડીને રડવા લાગ્યો. ‘‘તમે મારી આંખો ખોલી નાખી છે. મને અંતરજ્ઞાન થયું. પુણ્યમાં બધાં ભાગીદાર થાય પણ પાપમાં ભાગીદારી કોઈ ના કરે. પછી પુત્ર હોય કે પત્ની હોય.’’

નારદ મુનિએ કહ્યું ‘‘હે માનવ! શું છે તારું નામ?’’ નામ સાંભળીને મુનિ નારદ બોલ્યા, ‘‘વાલ્મીકિ તારું નામ છે. સમય પર સમજે તે સમજદાર. પરિવાર માટે બહુ કર્યું. હવે પરમાત્મા માટે કર શ્રીરામનો જપ, તપસ્યા અને જો ચમત્કાર. શું થાય તે.’’

વાલિયાએ તે દિવસથી રામનામની તપસ્યા કરીને શ્રીરામનાં દર્શન કર્યાં અને ઋષિથી મહર્ષિ બનીને ‘વાલ્મીકિ રામાયણ’ની રચના કરી જે ગ્રંથ આજે સારી દુનિયા વાંચે છે. માણસ વાલિયાથી મહર્ષિ વાલ્મીકિ બની શકે છે. ‘જય શ્રીરામ’

---

# મોહ નો ક્ષય એટલે મોક્ષ

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

મિત્રો, મારે પૂ. ગુરુદેવની કૃપાથી વાત કરવી છે – મોક્ષની. આપણાં શાસ્ત્રો જ પુરુષાર્થની વાત કરે છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ‘મોહ’ આમ તો નાનકડો શબ્દ છે, પણ તેને સમજવો કઠિન છે. તેનાથી બચી શકીએ તો બેડો પાર.

જુઓ, આખો શ્રાવણ મહિનો પૂર્ણ થયો. શંકરજી, મહાદેવનો મહાદેવ, યોગીશ્વર છે. સ્મશાનમાં જ રહે, ભસ્મ લગાડે, સાપના આભૂષણ પહેરે. સ્વાભાવિક જ છે કે મોહ સ્પર્શે નહીં. કૃષ્ણ તો છે જ મોહન – મોહ-ન. અનાસક્તિ શીખવે. કહે કે જીવન ઉત્સવ છે, એને માણો, પણ એમાં આસક્ત ન થાઓ. એમણે એ જીવીને જગતને દેખાડ્યું. જુઓ, હોડી દરિયામાં રહે ખરી ને? પણ જો દરિયો હોડીમાં આવી જાય તો હોડી ડૂબી જાય ને? તેમ આપણે સંસારમાં રહીએ એ બરાબર, પણ સંસાર આપણામાં ન આવવો જોઈએ. કમળના ફૂલની જેમ નિર્લેપ રહેવાનું છે. સ્મરણ રાખવાનું છે પેલા ભજનનું કે – ‘કોઈ કોઈનું નથી ને કોઈ કોઈનું નૂરે.’

જન્માષ્ટમીના ઉત્સવ પછી આવે ‘ગણેશ ચતુર્થી’. પર્વ એ જ કહે છે ને – દસ દિવસ મારી સાથે, મારા સામીપ્યમાં આનંદ માણો, પણ એ ન ભૂલો કે ‘અનંત ચૌદશ’ના દિવસે પૂરા આનંદ સાથે, એ સુખને વાગોળતાં મારું વિસર્જન કરો. કારણ કે અહીં કંઈક શાશ્વત નથી. બધું ક્ષણિક છે અને નશ્વર છે.

આ શરીર અને શરીર સાથેના સંબંધોનો મોહ શરીર છૂટતાં જ પૂરો થશે. જેટલી એમાં આસક્તિ રાખશો, એટલા બંધનમાં ફસાઈ જશો અને આપણી આ જીવનયાત્રા લક્ષ્ય ચૂકી જશે. પણ તેથી આ બધાથી અલિપ્ત થઈ જવું એ રસ્તો નથી. આપણે આપણું પાત્ર પણ પૂરી નિષ્ઠાથી ભજવવાનું છે. આપણે પહેલાં ચર્ચા કરી જ ચૂક્યા છીએ કે ‘મોહ સકલ વ્યાધિન કર મૂલા.’ જુઓ, આ ઉત્સવો પણ આપણને કંઈક માર્ગદર્શન કરે જ છે. જરૂર છે માત્ર જાગૃતતાની.

દુનિયાની શારીરિક, માનસિક તકલીફો આ એક જ વસ્તુથી શરૂ થાય છે. મોહ દરેક રોગની જડ છે. ભ્રમને કારણે, મોહને કારણે આપણે નશ્વર વસ્તુને પણ સ્થાયી માની લઈએ છીએ. ‘અર્જુનગીતામાં’ ભગવાન કહે છે – ‘સંસારમાં સરસો રહેને મન મારી પાસ, સંસારમાં લોપાય નહીં તે જાણ મારો દાસ.’ મોહ થયો હોય એ વ્યક્તિના અવગુણ પણ આપણને ગુણ લાગે. ભલેને કોઈ આપણને ગમે તેટલું સમજાવે, પણ આપણું મન ન સ્વીકારે. મોહરૂપી વૃક્ષનું મૂળ જમીનમાં અંદર છે, અદૃશ્ય છે. ક્યારેક કોઈના શબ્દો, હાજરી કે યાદ એટલી તો ઊંડી અસર કરે કે ઈચ્છવા છતાં ભુલાવી ન શકીએ. આ છે મોહ.

મોહ એવું બંધન છે, જે આત્માને ચૂપચાપ જકડી લે છે. સંસારની આ ઘટમાળમાં જીવ શરીર ધારણ કરીને અવતરે છે અને જાતજાતની આધિ-વ્યાધિ-ઉપાધિમાં



> સૌથી ઊંચું સુખ, જેને આપણે પામવા ચાહીએ છીએ, તે છે મોક્ષ, તે સૌથી શ્રેષ્ઠ સુખ છે, બંને સુખોથી વધીને છે, જ્ઞાની પુરુષો કહી ગયા છે – ‘મોક્ષ જ સર્વશ્રેષ્ઠ સુખ છે

ફસાઈ જાય છે. મનની આસક્તિ એને એક છેડેથી બીજા છેડે દોડાવતી રહે છે. સંસારના મૃગજળ જેવા સુખ પાછળ મનુષ્ય દોડતો રહે છે. સંસારને પામવા માણસ પોતાના જીવનને દાવ પર લગાવી દે છે. સંસારનાં સુખો ચોમાસામાં દરિયાકિનારે મોજાં ઊઠવાથી જે ફીણ થાય તેના જેવા છે. તેને લેવા જતાં હાથમાં કશું જ આવતું નથી.

આપણા ભક્તકવિ કહે – આંકડાનું રૂ હવામાં તરતું હોય, કોઈ બાળક પકડવા જાય તો પકડાય નહીં. ‘ચાખન લાગ્યો, રૂઈ ગઈ ઉડી.’ આવ્યું-આવ્યું થાય, પણ હાથમાંથી સરી ચાલ્યું જાય. શાળાઓમાં વિદ્યાર્થીઓ વચ્ચે જલેબી ખાવાની સ્પર્ધા યોજાતી હોય છે. એમાં વિદ્યાર્થીઓની ઊંચાઈથી થોડી ઉપર એક દોરી સાથે જલેબીઓ બાંધી દેવામાં આવે. ઠેકડો મારીને વિદ્યાર્થી મોઢાથી ખેંચી લેવા જાય, પણ જલેબી થોડી છેટે રહી જાય. એમ મનુષ્ય પણ પોતાના જીવનને હોડમાં મૂકીને સંસારમાં કૂદતો રહે છે, પણ મોઢામાં સુખ નામનો પદાર્થ પકડાતો જ નથી.

મોહનું કારણ અજ્ઞાન છે. આ શરીર, સંબંધ અને સંસાર નશ્વર છે. જેને શાશ્વત માનીએ, જ્યારે એ બદલાય ત્યારે દુઃખી થઈએ, તૂટી જઈએ. ભગવાનને ભૂલી જઈએ. મુક્તિ ક્યારે મળે? જ્યારે આ મોહથી ઊંચા ઊઠીએ. સ્વીકાર કરીએ કે ધન, સંપત્તિ, સૌંદર્ય, પ્રતિષ્ઠા અને સંબંધ એક દિવસ સમાપ્ત થશે. ભગવાન સાથેનો આપણો સંબંધ જ નિત્ય છે. એનો સ્વીકાર કરી, આપણે ગમતો સંબંધ ભગવાન સાથે જોડીએ તો આપણું કલ્યાણ થશે.

ભગવાન સાથેનો જીવનનો નાતો સાચો અને નિત્ય છે, જ્યારે સંસાર કે શરીર સાથેનો સંબંધ માની લીધેલો અને અનિત્ય છે. એવું જ કહેવાય છે – ‘અનિત્ય સંસારમાં નિત્ય એ જ રામ!’ તેથી જ મીરાં કહે – ‘મેરે તો ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ; ભાઈ છોડ્યા, બંધુ છોડ્યા, છોડ્યા સગા સોઈ.’ આ બધાને છોડીને જવાની વાત નથી, પણ એની અંદર મમતા કે મારા-પણાનો જે ભાવ છે, એ મૂર્ખતાને છોડવાની વાત છે. જે પાત્ર જીવનફલક પર ભજવવાનું હોય, તે નિષ્ઠાથી ભજવી લેવાનું. આ મુરલીધરનું નાટક છે – પતિ-પત્ની, માતા-પિતા-સંતાન, રાજા-પ્રજા. જે ભૂમિકા મળી હોય, તે નિષ્ઠાથી નિભાવી દેવાની. આપણું પાત્ર એવું પ્રભાવક બનાવીએ કે તાળીઓ પડે, લોકો યાદ રાખે.

એક વખત ત્રણ વ્યક્તિઓ ચર્ચા કરતા હતા. એમાં એક ગૃહસ્થ શેઠ, બીજા કર્મકાંડી પુરોહિત અને ત્રીજા સંન્યાસી હતા. ચર્ચાનો વિષય હતો – સર્વશ્રેષ્ઠ સુખ શું? શેઠ કહે – ભગવાન અને સંતોની કૃપાને કારણે હું સૌથી સુખી છું. મોટર, બંગલો, ફેક્ટરી, આજ્ઞાકારી પુત્રો, બધું જ છે.

તો કર્મકાંડી પુરોહિત કહે – ના, આ સુખ નશ્વર છે. આપણી નોકરી છૂટી જશે તો આ બધું અહીં જ રહી જશે. પરલોકમાં અહીંનું નાણું કામ નહીં આવે. આપણે યજ્ઞ-યજ્ઞાદિ કરીએ, જેથી અમને સ્વર્ગનું સુખ મળે. પૃથ્વીનું સુખ તો નશ્વર છે. ત્યારે સંન્યાસીએ કહ્યું – મોક્ષ જ સર્વશ્રેષ્ઠ સુખ છે. સંસારનું સુખ નશ્વર છે. સ્વર્ગનું સુખ ભોગવવા અગાઉથી પુણ્યકર્મો જમા કરાવવા પડે છે. એ પૂરાં થાય એટલે ધક્કો મારી દેવામાં આવે. પાછું પૃથ્વી પર આવવું પડે. પણ સૌથી ઊંચું સુખ, જેને આપણે પામવા ચાહીએ છીએ, તે છે મોક્ષ, તે સૌથી શ્રેષ્ઠ સુખ છે, બંને સુખોથી વધીને છે, જ્ઞાની પુરુષો કહી ગયા છે – ‘મોક્ષ જ સર્વશ્રેષ્ઠ સુખ છે.’ આ મોહથી મુક્ત થઈ મોક્ષસુખની યાત્રા કરીએ અને સુખી થવાની થાળી મેળવીએ, એ જ પ્રાર્થના. તો જીવન સ્વરૂપ, સફળ અને સાર્થક બને. આમ તો મોહ મારે છે, પણ એ જ આસક્તિ પ્રભુ પ્રત્યે થઈ જાય, એ જ કામના સાથે.

[ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે]